જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૧/૨૦૨૧ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૫૫ | ૦ | ૧૧૧૫૫ | ૧૭૨૮૬ | ૦ | ૧૭૨૮૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૨ | ૦ | ૪૭૦૨ | ૬૨૨૫ | ૦ | ૬૨૨૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૩ | ૦ | ૬૩ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૭૭૧૩ | ૬૭ | ૨૭૭૮૦ | ૨૮૮૮૯ | ૭૧ | ૨૮૯૬૦ |
| | કુલ | ૪૩૬૩૩ | ૬૭ | ૪૩૭૦૦ | ૫૨૬૬૦ | ૭૧ | ૫૨૭૩૧ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪ | ૧,૯૪,૨૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૬૧ | ૧૫,૬૧,000/- |

# પાસા અટકાયતની વિગત

## એરપોર્ટ પોલીસ સ્ટેશન

## ભારતીય બનાવટના વિદેશી દારુના ગુનામાં પકડાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહીબિશનની પ્રવૃતીને અટકાવવા તથા પ્રોહીબિશન ની પ્રવૃતીમાં સંડોવાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ આર.આર.દેસાઇનાઓ તરફથી મે.પો.કમિસાશ્રીનાઓની કચેરી ખાતે આરોપી અજય સ/ઓ રમેશભાઇ ઠાકોર ઉ.વ-૨૬, રહે-લક્ષ્મીચંદ ઘાંચીની ચાલીના નાકે દરીયાપુર દરવાજા બહાર માધુપુરા અમદાવાદ શહેરનાઓ વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવવામાં આવેલ પાસા દરખાસ્ત અનુસંધાને મે.પો.કમિ સા.શ્રીનાઓઓ સદરી આરોપી વિરુધ્ધ પોલીસ કમિશ્નર.સા શ્રી ના હુકમ ક્રમાંક-PCB/DTN/PASA/૭૭/૨૦૨૧ તા-૧૪/૦૧/૨૦૨૧ થી મધ્યસ્થે જેલ વડોદરા નો પાસા હુકમ કરતા આરોપીને મધ્યસ્થ જેલ વડોદરા ખાતે કેદ રહેવા મોકલી આપવા તજવીજ કરેલ છે.

### આરોપીઓના નામ :

અજય સ/ઓ રમેશભાઇ ઠાકોર ઉ.વ-૨૬, રહે-લક્ષ્મીચંદ ઘાંચીની ચાલીના નાકે દરીયાપુર દરવાજા બહાર માધુપુરા અમદાવાદ શહેર

### આરોપીઓ વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓ

એરપોર્ટ પો.સ્ટે પ્રોહી.ગુ.ર નં- પાર્ટ C-11191046201901/2020

### મુદ્દામાલ-

ભારતીય બનાવટના વિદેશીદારૂનો જથ્થો કુલ્લે નાની-મોટી બોટલ નંગ-૨૮૨ કિ.રૂ.૭૯,૭૧૦/- તથા એક મારૂતી સુઝુકી કંપનીની SX4 ગાડી નં.GJ-01-HR-4129 કિં.રૂ.૨,૫૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૨ કિં.રૂ.૨૫૦૦/- મળી કુલ્લે કિં.રૂ.03,3૨,૨૧૦/- ની મત્તા.

## મુદ્દામાલ શોધી કાઢી કામગિરી કરનાર કર્મચારીઓ-

અ.હે.કો.પુનમભાઈ છપ્પનભાઈ, અ.હે.કો.ચતુરભાઈ સોમાભાઈ, અ.હે.કો. ધનસુખભાઈ ગુલાબભાઈ, અ.લો.ર.ઉદયસિંહ સોવનજી, અ.લો.ર.ઈશ્વરભાઈ દલાભાઇ

## પાસા દરખાસ્તની કામગીરી કરનાર કર્મચારી :

પો.કો વિષ્ણુભાઇ પ્રેમજીભાઇ બ નં-૧૩૧૮૫. અ.હે.કો મનુભાઇ ડાહ્યાભાઇ, અ.પો.કો વિશ્વજીતસિંહ બળવંતસિંહ.



## વટવા પોલીસ સ્ટેશન

## પ્રોહીબીશન સબંધીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનિયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે. દાખલ થયેલ પ્રોહીબીશન ગુના વટવા પો.સ્ટે. પાર્ટ-સી ગુરનં. ૧૧૧૯૧૦૩૮૨૦૧૦૪૩/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ- ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૮૧, ૧૧૬(બી) મુજબના ગુનાના આરોપણ બેન કાંતાબેન વા/ઓ મંગળાભાઈ જાતે-સંગાડા ઉવ.૩૩ રહે- અંબિકા ટ્યુબના છાપરા, સદભાવના ચાર માળિયા પાછળ, બ્રીજ નીચે, વટવા, અમદાવાદ શહેર. મુળગામ-ડેલસર, તા.જી-દાહોદ. નાઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ કચેરીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૭૧/૨૦૨૧ તા.૧૩/૦૧/૨૦૨૧ ના રોજ મધ્યસ્થ જેલ વડોદરા ખાતેનો પાસા હુકમ કરેલ હોય સદરી આરોપણ બેનને વટવા પો.સ્ટે. ના સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પકડી લાવતા સદરી આરોપણ બેનનો સૌપ્રથમ કોવીડ-૧૯ નો રિપોર્ટ કરવા સારુ સીવીલ હોસ્પિટલ મોકલી આપેલ અને રિપોર્ટ આવેલ નહી ત્યાં સુધી આરોપણ બેનને પો.સ્ટે. ખાતે ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ સદરી આરોપનો કોવીડ-૧૯ નો રિપોર્ટ નેગેટીવ આવતા તા.૧૪/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપણ બેનને જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૨૬૫ લીટર દેશી દારૂ, ૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૬ બિયર ટીન, ૩ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૧/૨૦૨૧**

**માધવપુરાઃ** પ્રહલાદભાઈ કિશોરભાઈ સુરેકા (રહે. અભિલાષા એપાર્ટમેન્ટ વ્યાસવાડી પાછળ નવા વાડજ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૧/૨૦૨૧ સાજના ૭/૩૦ થી તા.૧૪/૦૧/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પ્રેમ દરવાજા તેલીયામીલની ચાલી પાસે તિરુપતી ટેક્ષ સ્ટાઈલ ખાતે પોતાની દુકાનના છતનુ પતરૂં ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૨/૨૦૨૧**

**દાણીલીમડાઃ** વાસણા સવેરા હોટલ ખાતે રહેતા અરવિંદભાઈ રઈજીભાઈ ઠાકોર (ઉ.વ.૪૨) (મુળ ગામ દેવગામ તા.બાલાસિનોર જી.મહીસાગર) તા.૧૩/૦૧/૨૦૨૧ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે દાણીલીમડા બી.આર.ટી.એસ વર્કશોપની બાજુની ગલીમા રિક્ષામાં આવેલ એક પુરૂષે અરવિંદભાઈ ઠાકોરને લોખડની ટોમીથી ડાબા હાથે બાવડાના ભાગે તથા જમણા પગે ઈજાઓ કરી અરવિંદ ઠાકોર પાસેથી ચાંદીનુ કડું કિમત રૂપિયા ૫૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૫૦૦/- કાઢી લુંટ કરી નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ અરવિંદ ઠાકોરે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૩/૨૦૨૧**

**સાબરમતીઃ** અખિલેશ ઓમપ્રકાશ રાજપુત (ઉ.વ.૩૦) (રહે.પંચરત્ન ફ્લેટ વંદે માતરમ એપાર્ટમેન્ટની બાજુમાં વટવા) તા.૧૩/૦૧/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે વૈષ્ણોદેવી અંડરબ્રિજ આનંદ લાઇફ ટાવરની બાજુમાં સ્વતિક વિવેરા સાઇટ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે વિજ કરંટ લાગતા નીચે પડી જતા સારવાર માટે તેમને કે.ડી.હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃયુ નિપજ્યું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી.એમ.પી.રાઠોડ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૪/૨૦૨૧**

**વાસણાઃ** સુનીતાબહેન વા/ઓ જીગરભાઇ સરગરા (ઉ.વ.૨૪) (રહે. ભરવાડવાસ ગુપ્તાનગર વાસણા) તા.૦૯/૦૧/૨૦૨૧ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સ્ટવ ઉપર રસોઇ બનાવતા હતા ત્યારે સ્ટવ ફાટતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૧/૨૦૨૧ કલાક ૨/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “એમ” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી